પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૬૩ | ૨૩ ઓગસ્ટ, ૨૦૧૭, બુધવાર ; ભાદરવા સુદ - ૨૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ત્રિપલ તલાક ગેરબંધારણીય : ઐતિહાસિક ચુકાદો

**ઐતિહાસિક સુનાવણીમાં બંને પક્ષો તરફથી તર્કદાર દલીલ રજૂ થઈ હતી : કોર્ટમાં કુરાન, શરિયત અને ઇસ્લામ કાયદાઓના ઇતિહાસ પર ચર્ચા થઇ : છ મહિના દરમિયાન કાયદો બનાવવા માટે કેન્દ્રને હુકમ : રાજકીય મતભેદોથી પર ઉઠાવવા પક્ષોને આદેશ**



નવી દિલ્હી,તા. ૨૨

સુપ્રીમ કોર્ટે ખુબ જ સંવેદનશીલ અને જટિલ ત્રિપલ તલાકના મુદ્દા પર આજે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો અને ત્રિપલ તલાકને ગરબંધારણીય ઠેરવતા દેશમાં જુદા જુદા સમુદાયમાં આની ભારે ચર્ચા જોવા મળી રહી છે. સુપ્રીમ કોર્ટની પાંચ જજની બંધારણીય પીઠે ૩-૨ની બહુમતિ સાથે આ ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપતા ત્રિપલ તલાક પર આગામી છ મહિના માટે સ્ટે મુકી દીધો છે. સાથે સાથે કેન્દ્ર સરકારને ત્રિપલ તલાકના મુદ્દા ઉપર કાયદો બનાવવા માટે સૂચના આપી છે. આ મામલામાં સુપ્રીમ કોર્ટના પાંચ જજ પૈકી ત્રણ જજે ત્રિપલ તલાકને ગેરબંધારણીય ગણાવ્યો હતો જ્યારે મુખ્ય ન્યાયાધીશ ન્યાયમૂર્તિ જેએસ ખેહર અને ન્યાયમૂર્તિ એસ અબ્દુલ નઝીરે આ મામલામાં જુદો અભિપ્રાય આપ્યો હતો. જસ્ટિસ કુરિયન, જસ્ટિસ જોસેફ અને જસ્ટિસ નરીમને ત્રિપલ તલાકને ગેરબંધારણીય ગણાવ્યો હતો અને આને સ્વૈચ્છિક તરીકે ગણાવીને આની

● અનુસંધાન પાન-૭ પર

## ઐતિહાસિક ચુકાદાને સાર્વત્રિક આવકાર

### સુપ્રીમનો ચુકાદો ઐતિહાસિક છે : મોદી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રિપલ તલાકના મુદ્દા ઉપર સુપ્રીમ કોર્ટના ચુકાદાને ઐતિહાસિક તરીકે ગણાવ્યો છે. મોદીએ આ ચુકાદા બાદ ટ્વિટર પર ટ્વીટ કરીને કહ્યું છે કે, આ નિર્ણય ખુબ ઐતિહાસિક છે. મહિલા સશક્તિકરણની દિશામાં આ મોટુ પગલું છે. આ પગલું મહિલાઓને એક સમાન તક આપશે. આ અગાઉ પણ ત્રિપલ તલાકના મુદ્દા ઉપર વડાપ્રધાન ચિંતા વ્યક્ત કરી ચુક્યા છે. આ વખતે સ્વતંત્રતા દિવસે પણ પોતાના સંબોધનમાં પણ મોદીએ ત્રિપલ તલાકનો મુદ્દો ઉઠાવ્યો હતો.

### મુસ્લિમ પર્સનલ બોર્ડની ૧૦મીએ વિશેષ બેઠક

નવી દિલ્હી,તા. ૨૨

સુપ્રીમ કોર્ટ દ્વારા એક સાથે ત્રણ તલાકને ગેરબંધારણીય ગણાવી દીધા બાદ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડની ૧૦મી સપ્ટેમ્બરના દિવસે ભોપાલમાં મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે જેમાં ભાવિ રણનીતિ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે.

### ચુકાદાનું કોંગ્રેસ દ્વારા સ્વાગત

ત્રિપલ તલાકના ચુકાદા પર કોંગ્રેસ પાર્ટીએ ખુશી વ્યક્ત કરી છે. કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ કહ્યું છે કે, ત્રિપલ તલાક ઈસ્લામની વિરુદ્ધ છે. સુરજેવાલાએ કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટના ચુકાદાનું અમે સ્વાગત કરીએ છીએ. આ ચુકાદાથી તમામ પક્ષો સંતુષ્ટ રહેશે. આની સાથે જ વિવાદ પણ ખતમ થઈ જશે. ત્રિપલ તલાકની તરફેણમાં કોર્ટમાં દલીલ કરનાર કોંગ્રેસના નેતા અને વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કહ્યું છે કે, અમે આ ચુકાદાનું સન્માન કરીએ છીએ.



## સરકારી બેંકોની હડતાલથી બેંકિંગ સેવા સંપૂર્ણ ઠપ

**૧૩૨૦૦૦ શાખાઓમાં બેકિંગ સેવા ખોરવાઇ : ૧૦ લાખ કર્મચારીઓ સરકારના સૂચિત સુધારા સામેના વિરોધમાં હડતાળ પર : ચેક ક્લિયરન્સ, લોન સેવા ઠપ**



નવી દિલ્હી,તા. ૨૨

દેશની સરકારી અને ગ્રામીણ બેંકોની આજે હડતાળના કારણે બેંકિંગ સેવા ઠપ થઈ ગઈ હતી. કરોડોના કામકાજ અટવાઈ પડ્યા હતા. ચેક ક્લિયરિંગ, જીએસટી પેમેન્ટ સહિતની પ્રક્રિયા અટવાઈ પડી હતી. મોટી સંખ્યામાં લોકોને મુશ્કેલીનો સમાનો કરવો પડ્યો હતો. આજે ૧૦ લાખ કર્મચારીઓ સરકારની સૂચિત હિલચાલ સામેના વિરોધમાં હડતાળ ઉપર ઉતર્યા હતા. ફોરેન એક્સચેંજ ટ્રાન્ઝેક્શન, ચેક ક્લિયરન્સ, લોન મંજુરી સહિતની કામગીરી ખોરવાઈ ગઈ હતી. ૧૨ લાખ ફાઈનાન્સિયલ સાધનોને અસર થઈ હતી.

દેશવ્યાપી હડતાળની અસર તમામ ક્ષેત્રો પર જોવા મળી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### કુપવાડામાં આતંકીવાદ ઠાર

કાશ્મીરના કુપવાડા વિસ્તારમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં સુરક્ષાદળોએ એક આતંકવાદીને ઠાર કર્યો છે. છેલ્લા ત્રણ માસમાં કાશ્મીરના અલગ અલગ વિસ્તારમાં ૧૩૩ આતંકવાદીઓ ઠાર કરાયા છે.

### કાર્તી ચીદમ્બરમની અરજી મદ્રાસ હાઈકોર્ટે ફગાવી



આવક કરતાં વધુ સંપત્તિ મામલે સીબીઆઈ અને ઈડીની તપાસનો સામનો કરી રહેલો કાર્તી ચીદમ્બરમે સીબીઆઈએ દાખલ કરેલ એફઆઈઆર મામલે મદ્રાસ હાઈકોર્ટ સમક્ષ દાદ માંગી હતી. જોકે મદ્રાસ હાઈકોર્ટે આ મામલો પોતાના કાર્યક્ષેત્રમાં આવતો નથી તેમ કહી કાર્તી ચીદમ્બરમની અરજી ફગાવી દીધી હતી.

### બ્લુ વ્હેલ પર પ્રતિબંધ મુકવા રીટ દાખલ

દેશની અલગ અલગ કોર્ટમાં ઓનલાઈન ખતરનાક ગેમ પર પ્રતિબંધ મુકવા સરકારો અને કોર્ટ સમક્ષ અરજીઓ કરાઈ છે. દિલ્હી હાઈકોર્ટે યાહુ, ગુગલ અને ફેસબૂકને નોટીસ ફટકારી છે. જેની વધુ સુનવણી ૧૯મી સપ્ટેમ્બરે યોજાશે.

# બિહાર જળપ્રલયમાં વધુ ૫૧ના મોત

**બિહાર પુર તાંડવના કારણે ૧.૩૮ કરોડ લોકોને માઠી અસર : આસામ તેમજ ઉત્તર પ્રદેશમાં પણ પુરગ્રસ્ત વિસ્તારોમાં હાલત કફોડી : બંને રાજ્યોમાં પુર સંબંધિત બનાવોમાં ત્રણ-ત્રણ લોકોના મોત**

નવી દિલ્હી,તા. ૨૨


બિહારમાં પુરના કારણે મોતનો આંકડો વધીને હવે ૩૦૪ ઉપર પહોંચી ગયો છે. વધુ ૫૧ લોકોના મોત થઈ ચુક્યા છે. રવિવાર સુધી મોતનો આંકડો ૨૫૩ હતો જે હવે ૩૦૦ના આંકડાને પાર કરી ગયો છે. બિહારમાં ૧.૩૮ કરોડ લોકોને માઠી અસર થઈ છે. આસા અને ઉત્તરપ્રદેશમાં વદુ ત્રણ ત્રણ લોકોના મોત થયા છે. બિહારમાં ૭.૩૪ લાખ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે. ૩.૨૭ લાખ લોકોને ૧૩૩૬ રાહત કેમ્પમાં રાખવામાં આવ્યા છે. બીજી બાજુ આસામમાં પણ સ્થિતી વિકટ બનેલી છે. આસામમાં પુરના બીજા મોજામાં મોતનો આંકડો વધીને ૬૬ ઉપર પહોંચી ગયો છે. પુરના પ્રથમ મોજામાં મોતનો આંકડો ૮૫ નોંધાયો હતો. હવે પુરના બે મોજામાં આસામમાં મોતનો આંકડો વધીને ૧૫૫ ઉપર પહોંચી ગયો છે. પટણાથી પ્રાપ્ત હેવાલ મુજબ બિહારના ૧૬ જિલ્લામાં એક કરોડથી વધુ લોકોને માઠી અસર થઈ છે. પુરના તાંડવ બાદ મોટા ભાગની પરીક્ષા રદ કરવામાં આવી ચુકી છે. સાથે સાથે ટ્રેનો પણ રદ કરવામાં આવી છે. રોગચાળાને રોકવા માટે હવે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.ઉત્તર બિહારમાં હાલત કફોડી છે. અહીં તમામ મોટી નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી છે. જે વિસ્તારમાં સૌથી વધારે અસર થઈ છે તેમાં કિસનગંજ, અરેરિયા, પુરણિયા અને કટિહારનો સમાવેશ થાય છે. કોશી પ્રદેશના કેટલાક રાજ્યો પણ અસરગ્રસ્ત છે. પૂર્વ અને પશ્ચિમ ચંપારણમાં હાલત કફોડી બનેલી છે. નેપાળ અને આસપાસના વિસ્તારોમાં અતિ ભારે વરસાદની માઠી અસર બિહારમાં થઈ છે. મુખ્યમંત્રી નીતિશકુમારે નાયબ મુખ્યમંત્રી સુશીલ કુમાર મોદી સાથે મળીને હવાઈ નિરીક્ષણ કર્યું હતું. આજે પશ્ચિમ ચંપારણ જિલ્લામાં હવાઈ નિરીક્ષણ કર્યું હતું.

### રાજયમાં સ્વાઈન ફ્લુથી વધુ ૮ના મોત

અમદાવાદ, તા. ૨૨

અમદાવાદની સાથે સાથે ગુજરાતભરમાં પણ સ્વાઈન ફ્લુનો આતંક અકબંધ રહ્યો છે. રાજ્યમાં આજે વધુ ૧૯૩ નવા કેસ નોંધાયા હતા જ્યારે સ્વાઈન ફ્લુથી વધુ આઠના મોત થયા હતા. જે પૈકી એએમસીમાં બેના મોત થયા છે. જીએમસી, એસએમસી, આરએમસી, કચ્છ, આણંદ, સુરતમાં એક એકનું મોત થયું છે. બીજી બાજુ જે નવા ૧૯૩ કેસ નોંધાયા છે તેમાં એએમસીમાં ૭૯, વીએમસીમાં ૨૬, એસએમસીમાં ૧૮, અમદાવાદમાં આઠ, બીએમસીમાં સાત, ભાવનગરમાં ૬, રાજકોટ, વડોદરા, ભરુચ અને બનાસકાંઠામાં સ્વાઈન ફ્લુના પાંચ-પાંચ કેસ સપાટી ઉપર આવ્યા છે.

ઓછુ સાંભળનારા માટે
કાનનું મશીન ફક્ત રૂ. 2999/-
અમદાવાદમાં હોટલ દેવ પેલેસમાં શિબિર
શિબિર તા. ૨૪-૨૫ ઓગસ્ટ



સાઈ માર્કેટીંગ
દ્વારા અમદાવાદમાં તા. ૨૪ અને ૨૫ ઓગસ્ટના રોજ સવારે ૯.૦૦ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી કાનની મશીન રૂ. ૨૯૯૯/-માં મળશે. ૫ વર્ષની ગેરંટી સાથે ઓછુ સાંભળનારા વ્યક્તિઓ આ મશીન અમદાવાદમાં
હોટલ દેવ પેલેસ
રાયપુર દરવાજાની સામે, મહિપતરામ આશ્રમની બાજુમાં, અમદાવાદ ખાતેથી ઉપલબ્ધ થશે.
શિબિર તા. ૨૪ અને ૨૫ બે દિવસ શિબિર ચાલુ રહેશે.

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ
દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે: ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation







આપની ડીસીબી ફિક્સ્ડ ડિપોઝિટ પર આકર્ષક વળતર મેળવો.



ડીસીબી ફિક્સ્ડ ડિપોઝિટની શરૂઆતની રકમ જેટલા જ મૂલ્યનું નિઃશુલ્ક જીવન વીમા કવચ મેળવો.

ડીસીબી સુરક્ષા ફિક્સ્ડ ડિપોઝિટ શરૂ કરવા માટે ફક્ત ૭૦૯૭૨૯૯૦૪૩ પર મિસ કોલ આપો

ડીસીબી બૅન્ક
પ્લોટ નં. ૪૩૯, સેક્ટર – ૧૬
ઘ રોડ, ગાંધીનગર – ૩૮૨૦૧૬
ફોન: ૯૮૨૫૫૪૨૦૨૬ / ૯૮૨૫૯૭૪૧૦૦

DCB BANK

નિયમો અને શરતો લાગુ

DCB Bank Limited